# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી:

કચ્છ જિલ્લામાં નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ નિર્ધારિત સમયે યોજાય તેવી શક્યતા નહિવત્ જણાતા ફેબ્રુઆરીના અંતથી વહીવટદાર શાસન લાગુ થવાની તૈયારીઓ શરૂ થઈ છે. વર્તમાન બોડીની મુદ્દત પૂર્ણ થતા જ માર્ચ મહિનાથી ભુજ, અંજાર, મુંદરા-બારોઈ અને માંડવી સહિતની ચાર નગરપાલિકા તેમજ નવ તાલુકા પંચાયતોનો વહીવટ સરકારી વહીવટદારોના હસ્તક જશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંભવત: એપ્રિલ અથવા મે માસમાં યોજાય તેવી શક્યતા છે. આ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેમાં નગરપાલિકા માટેના ૧૩૬૮ ઈવીએમ યુનિટ્સનું પ્રથમ સ્તરનું ચેકિંગ પૂર્ણ કરી લેવાયું છે. હવે આગામી તબક્કે જિલ્લા અને તાલુકા પંચાયતના ઈવીએમની ચકાસણી હાથ ધરાશે. ઘણા વર્ષો બાદ જિલ્લાના મોટાભાગના સ્થાનિક સ્વરાજ્યના એકમોમાં એકસાથે વહીવટદાર શાસન આવવા જઈ રહ્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છના પ્રથમ ડ્રોનદીદી:

દેવપરયક્ષ ગામના નીલમબેન ભીમાણી રાજ્ય સરકારની સહાય અને પોતાની મક્કમતાથી કચ્છના પ્રથમ ‘ડ્રોન દીદી’ બની મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત વડોદરા ખાતે ૧૫ દિવસની ખાસ તાલીમ મેળવી, તેઓ હવે ખેતીમાં ડ્રોન દ્વારા દવા છંટકાવની આધુનિક સેવા પૂરી પાડી રહ્યા છે.

નીલમબેને જણાવ્યું કે, ડ્રોનની ખરીદી પર સરકાર દ્વારા મહિલાઓને ૬૦% સબસિડી આપવામાં આવે છે. આ ટેકનોલોજીથી સમય અને શ્રમની બચત થાય છે. આજે તેમને વિવિધ તાલુકાઓમાંથી ખેતીના ઓર્ડરો મળી રહ્યા છે, જેનાથી તેઓ આર્થિક રીતે પગભર બન્યા છે.

પોતાની નવી ઓળખ બદલ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેનદ્રનો આભાર માનતા અન્ય મહિલાઓને પણ હુન્નર થકી સપના સાકાર કરવા પ્રોત્સાહિત કરી છે.

(બાઇટ : નીલમબેન)

---

## પાનધ્રોના યુવાનનું અંગદાન :

લખપત તાલુકાના પાન્ધ્રો ગામના ૩૦ વર્ષીય યુવાન કાનજીભાઈ ભદ્રુના પરિવારે બ્રેઈન ડેડ જાહેર થયા બાદ અંગદાનનો પ્રેરણાદાયી નિર્ણય લીધો છે. ભુજની આયુષ હોસ્પિટલ ખાતેથી ગ્રીન કોરીડોર રચી યુવાનનું હૃદય, લિવર અને કિડની વિમાન માર્ગે અમદાવાદ મોકલવામાં આવ્યા હતા.

કચ્છમાં હૃદયદાનનો આ બીજો અને એક જ હોસ્પિટલમાંથી ચાર અંગોના દાનનો આ પ્રથમ ઐતિહાસિક કિસ્સો છે. ૧૬ દિવસ પૂર્વે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા આ અપરિણીત યુવાનના અંગદાનથી ચાર જરૂરિયાતમંદોને નવું જીવન મળશે. વણકર સમાજનું આ પ્રથમ અને કચ્છનું આ આઠમું અંગદાન વિસ્તારમાં વધતી માનવતાવાદી જાગૃતિનું પ્રતીક બન્યું છે.

---

## પરીક્ષાના ખંડનિરીક્ષકો માટે તાલીમ :

આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થયેલી રહેલી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓને લઇને સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં પણ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખદરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પરિક્ષાની કામગીરી નિર્વિઘ્ન અને પારદર્શક રીતે સંપન્ન થાય તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 18 ફેબ્રુઆરીના રોજ ખંડ નિરીક્ષકો અને ઉત્તરવહી મુલ્યાંનકારો માટે એક મહત્વપૂર્ણ તાલીમ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ શિબિરમાં સરકારી પ્રતિનિધિઓ, સ્થળ સંચાલકો, ખંડ નિરીક્ષકો અને વહીવટી સ્ટાફને સાંકળી લેવામાં આવશે.

---

## કચ્છમાં પોષણ અભિયાન :

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લામાં આઈસીડીએસ વિભાગ દ્વારા ચલાવવામાં આવતા "પોષણ અભિયાન" અને "સમુદાય આધારિત કુપોષણ વ્યવસ્થાપન" કાર્યક્રમના હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે. માર્ચ-૨૦૨૫ની સરખામણીએ જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં અતિ કુપોષિત  બાળકોની સંખ્યામાં ૨૮૬ અને મધ્યમ કુપોષિત બાળકોની સંખ્યામાં ૫૭૩નો મોટો ઘટાડો નોંધાયો છે.

જિલ્લા વિકાસ અધિકારી અને પ્રોગ્રામ ઓફિસરના સતત મોનિટરિંગ હેઠળ આંગણવાડી તથા આશા વર્કરો દ્વારા પોષણ કિટ વિતરણ અને નિયમિત આરોગ્ય તપાસ જેવી સઘન કામગીરી કરવામાં આવી રહી છે. વહીવટી તંત્રએ ‘કુપોષણ મુક્ત કચ્છ’ના સંકલ્પ સાથે આ અભિયાનને વધુ વેગવંતું બનાવવા અને નાગરિકોને તેમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરી છે.

---

## વિરાણી ગામે દવાખાનાનું નિર્માણ:

નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામે રૂા. 1.50 કરોડના ખર્ચે તાલુકા કક્ષાના સરકારી દવાખાનાનું નિર્માણ કાર્ય શરૂ કરાયું છે. રાજ્યના આરોગ્ય વિભાગની ગ્રાન્ટમાંથી નિર્મિત આ બિલ્ડિંગનું કામ એક વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, આ સુવિધાપૂર્ણ કેન્દ્રથી આસપાસના 15 જેટલા ગામોના લોકોને સ્થાનિક સ્તરે ઉત્તમ આરોગ્ય સેવાઓ મળી રહેશે. આ પી.એચ.સી. સેન્ટરમાં તમામ જરૂરી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકારમાં દરખાસ્ત પણ કરવામાં આવી છે, જે ભવિષ્યમાં નગરપાલિકા વિસ્તારના આરોગ્યલક્ષી વિકાસમાં મહત્વનું યોગદાન આપશે.

---